અપીલ અરજી નં.૩૪૩ તા.૨–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: શ્રી સંજય રમાશંકર મિશ્રા
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૨૯–૯–૧૦ ની અરજીથી ઉધનાગામ–જુના પેટ્રોલપંપ, એસ.ટી. બસ સ્ટેશન સામે, ઓમ મેડીકલ સ્ટોરની બરાબર પાછળ આવેલ નવા બાંધકામવાળી જગ્યાનો સર્વે નંબર ,ફાઈનલ પ્લોટ નંબર વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૩/૨૦૧૦–૧૧

શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૨૯–૯–૧૦ ની અરજીથી ઉધનાગામ–જુના પેટ્રોલપંપ, એસ.ટી. બસ સ્ટેશન સામે, ઓમ મેડીકલ સ્ટોરની બરાબર પાછળ આવેલ નવા બાંધકામવાળી જગ્યાનો સર્વે નંબર ,ફાઈનલ પ્લોટ નંબર વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ જ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ દિન–૬૭ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૨૯૦ તા.૧૧–૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૯–૦૯ ની અરજીથી ઉધના ત્રણ રસ્તા જે.પી. બિસ્કીટની બાજુમાં ઉધનાગામ– જુના પેટ્રોલપંપ, એસ.ટી. બસ સ્ટેશન સામે, ઓમ સાંઈ મેડીકલ સ્ટોરની પાછળ ચાલતાં બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ઉધનાગામ–જુના પેટ્રોલપંપ, એસ.ટી. બસ સ્ટેશન સામે, ઓમ મેડીકલ સ્ટોરની બરાબર પાછળ આવેલ નવા બાંધકામવાળી જગ્યાનો સર્વે નંબર ,ફાઈનલ પ્લોટ નંબર. (૨) સદર જગ્યાના હાલના માલિક/કબ્જેદાર જે કોઈ ઈસમ, સંસ્થા, વ્યકિતનું રેકર્ડ ઉપરનું નામ . (૩) સદર જગ્યા આપની કચેરીમાંથી મંજુરી મેળવી બાંધકામ કરવામાં આવેલ છે કે કેમ? તેની માહિતી તથા મંજુરી તારીખ, મંજુરી લાગત સાધનિકા કાગળો પુરાવા તેમજ આ મંજુરી કોમર્શીયલ આપવામાં આવેલ છે કે રેસિડન્ટ અંગેની માહિતી. (૪) સદર ઉધનાગામ , એસ.ટી. બસ સ્ટેશન સામે, ઓમ સાંઈ મેડીકલ સ્ટોરની પાછળની જગ્યા સીઓપીની જગ્યા છે કે કોમન જગ્યા છે અથવા સરકારી જગ્યા છે વિગેરે રેકર્ડ ઉપરથી મળવા પાત્ર તમામ માહિતી. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૨–૨–૧૧ ના રોજ દિન–૬૭ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. કલમ–૧૯(૧) અને નિયમ–૬ મુજબની જોગવાઈઓ જણાવવામાં આવી છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી તેમ છતાં કાયદાકીય હાર્દ અને ભાવનાને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી પૂરી પડાયેલ હોય તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ જણાતી નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ભરવા પાત્ર દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સંજય આર. મિશ્રા